# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-01-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત સહિત દેશના 61 હજારથી વધુ નવનિયુક્ત યુવાનોને નિમણૂકપત્ર એનાયત કર્યા.
2. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું ઉત્તરપ્રદેશ વિકસિત ભારતનું વિકાસ એન્જિન બનવા તૈયાર
3. સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે યુવાનોને પડકારનો સામનો કરવા તૈયાર રહેવા જણાવ્યું
4. યુરોપિયન સંઘના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયન આજથી ભારતના પ્રવાસે
5. ઝિમ્બાબ્વેમાં રમાઈ રહેલી અંડર-19 ક્રિકેટ વિશ્વ કપની ત્રીજી અને અંતિમ ગ્રુપ મેચમાં ન્યૂઝીલેન્ડ સામે ભારતનો વિજય

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## REV PM ROJGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં વર્ચ્યૂઅલ માધ્યમથી ગુજરાત સહિત દેશભરના 61 હજારથી વધુ યુવાનોને સરકારી નોકરી માટેના નિમણૂકપત્ર એનાયત કર્યા. 18-મા રોજગાર મેળાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, સરકાર ભારત અને વિદેશમાં યુવાનો માટે નવી તકનું સર્જન કરવાનો પ્રયાસ કરી રહી છે. ભારત અનેક દેશની સાથે વેપાર અને પરિવહન કરાર કરી રહ્યું હોવાથી દેશના કુશળ યુવાનો માટે અનેક તકનું સર્જન થઈ રહ્યું છે.

**(BYTE: PM NARENDRA MODI) – 61000 YOUTH**

શ્રી મોદીએ નવનિયુક્ત ઉમેદવારોને નિમણૂકપત્ર મેળવવા બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા. આજના 24 જાન્યુઆરીના દિવસને મહત્વનો ગણાવતા શ્રી મોદીએ કહ્યું, આ દિવસે ભારતીય બંધારણે “જન-ગણ-મન”ને રાષ્ટ્રગાન અને “વંદે માતરમ્”ને રાષ્ટ્રગીત તરીકેની માન્યતા આપી હતી.

**(BYTE: PM NARENDRA MODI) – SPECIAL DAY**

----------

## PREZ-ADDRESS TO NATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે 77મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ રાષ્ટ્રને સંબોધન કરશે.

આ સંબોધન આકાશવાણીની તમામ રાષ્ટ્રીય ચેનલો પર સાંજે ૭ વાગ્યાથી અને દૂરદર્શનની તમામ ચેનલો પર હિન્દીમાં પ્રસારિત થશે, ત્યારબાદ તેનું અંગ્રેજી સંસ્કરણ પ્રસારિત થશે. દૂરદર્શન પર હિન્દી અને અંગ્રેજીમાં સંબોધન પ્રસારિત થયા પછી, દૂરદર્શનની પ્રાદેશિક ચેનલો દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત કરશે. આકાશવાણી રાત્રે ૯:૩૦ વાગ્યાથી તેના પ્રાદેશિક ચેનલો પર પ્રાદેશિક ભાષાઓમાં  રાષ્ટ્રપતિનું  સંબોધન પ્રસારિત કરશે.

----------

## SHAH-UP DAY

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું છે કે ઉત્તરપ્રદેશ માત્ર દેશનો આત્મા જ નથી પણ વિકસિત ભારતનું વિકાસ એન્જિન બનવા માટે પણ તૈયાર છે.

લખનૌમાં ઉત્તર પ્રદેશ દિવસની ઉજવણીમાં, ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશ હવે દેશનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર છે અને અનાજ ભંડાર બની ગયું છે, જે અનાજના ભંડારમાં 20 ટકા ફાળો આપે છે. તેમણે નોંધ્યું હતું કે પરિયોજનાઓ સમયસર પૂર્ણ થઈ રહી છે, અને પ્રગતિ મંચ આમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. શ્રી શાહે કહ્યું કે રાજ્ય તેના મોટા નાના અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્ર સાથે આત્મનિર્ભર ભારત અભિયાનને વેગ આપી રહ્યું છે.

(બાઇટ- અમિત શાહ)

આ પહેલ હેઠળ, રાજ્યના દરેક જિલ્લામાંથી વિશિષ્ટ પરંપરાગત ભોજન ઓળખવામાં આવશે અને ગુણવત્તા સુધારણા, બ્રાન્ડિંગ અને બજાર પહોંચ સાથે જોડવામાં આવશે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ સરદાર પટેલ ઔદ્યોગિક વિસ્તાર કાર્યક્રમ પણ શરૂ કર્યો. આ યોજનાનો ઉદ્દેશ્ય યુવાનોને રોજગાર અને ઉદ્યોગસાહસિકતામાં સહાય પૂરી પાડવાનો છે.

----------

## RIJIJU-BUDDHIST SUMMIT

લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ આજે નવી દિલ્હીમાં બીજા વૈશ્વિક બૌદ્ધ શિખર સંમેલન 2026 માં ભાગ લીધો હતો.

આ પ્રસંગે તેમણે કહ્યું કે ભગવાન બુદ્ધના ઉપદેશ હજી પણ સમગ્ર વિશ્વમાં સંવાદિતા અને સહઅસ્તિત્વના માર્ગને પ્રકાશિત કરે છે. તેમણે કહ્યું કે જે દેશ શક્તિશાળી બનવાની ઇચ્છા રાખે છે તેમણે ભગવાન બુદ્ધના માર્ગ અને સિદ્ધાંતોનું પાલન કરવું જોઈએ. શ્રી રિજિજુએ પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળ બુદ્ધના જ્ઞાન અને સંદેશને વિશ્વમાં ફેલાવવાના પ્રયાસોની પણ ચર્ચા કરી.

સંસ્કૃતિ મંત્રાલય અને આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંઘ સંયુક્ત રીતે બીજા વૈશ્વિક બૌદ્ધ શિખર સંમેલનનું આયોજન કરી રહ્યા છે. આ શિખર સંમેલન સામૂહિક જ્ઞાન, સંયુક્ત અવાજ અને પરસ્પર સહઅસ્તિત્વના વિષય પર યોજાઈ રહી છે.

----------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# PRAGATI SPECIAL STORY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સક્રિય શાસન અને સમયસર અમલીકરણના મુખ્ય મંચ – પ્રગતિએ પોતાની 50-મી સફળ બેઠક સાથે એક મહત્વની સિદ્ધિ હાંસલ કરી છે. પ્રગતિ-એ પ્રધાનમંત્રીની સીધી સમીક્ષાના માધ્યમથી મુખ્ય માળખાકીય પરિયોજનાઓ અને લોકોની ફરિયાદોના વાસ્તવિક સમયમાં દેખરેખ અને સમાધાનને સક્ષમ બનાવીને શાસન વ્યવસ્થામાં પરિવર્તન કર્યું છે. ત્યારે આજે ખાસ શ્રેણીમાં, આપણે કર્ણાટકમાં સ્થિત પડુર વ્યૂહાત્મક ક્રૂડ ઓઇલ સ્ટોરેજ પ્રોજેક્ટ પર એક અહેવાલ સાંભળીએ..

(V/C – JAYESH PATEL)

*2.5 મિલિયન મેટ્રિક ટન પડુર સ્ટ્રેટેજિક ક્રૂડ ઓઇલ સ્ટોરેજ પ્રોજેક્ટમાં ભારતના ફેઝ-વન સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ પ્રોગ્રામના મુખ્ય ઘટક તરીકે ભૂગર્ભ ખડક ગુફાઓનું નિર્માણ શામેલ છે, જેમાં વિશાખાપટ્નમ અને મેંગલુરૂ ખાતે સુવિધાઓનો સમાવેશ થાય છે.*

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં પ્રગતિ મિકેનિઝમ હેઠળ કરાયેલી સમીક્ષાઓ દરમિયાન, પ્રોજેક્ટના અમલીકરણની સ્થિતિની તપાસ કરવામાં આવી હતી, અને કર્ણાટક સરકારને ખાસ કરીને ક્રૂડ ઓઇલ પાઇપલાઇન અને સંકળાયેલ પાવર ટ્રાન્સમિશન લાઇન માટે જરૂરી ઉપયોગનો અધિકાર (RoU) પ્રદાન કરવા માટે નિર્દેશિત કરાયો હતો. પ્રગતિ દ્વારા સંચાલિત શાસન કેવી રીતે વ્યૂહાત્મક હેતુને સમયસર પરિણામોમાં રૂપાંતરિત કરે છે તેનું આ પ્રોજેક્ટ એક મોડેલ ઉદાહરણ  છે.*

*જયેશ પટેલ,,, પ્રાદેશિક સમાચાર વિભાગ, આકાશવાણી,,, અમદાવાદ...*

----------

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં વિવિધ વિષય પર પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 130મી કડી હશે. હિન્દીમાં “મન કી બાત”ના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી સમાચારની વેબસાઇટ અને ન્યૂઝ ઑન A.I.R, મૉબાઇલ ઍપ્લિકેશન પર પણ પ્રસારિત કરાશે. તેમજ આકાશવાણી સમાચાર,

દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય – PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યુબ ચેનલ પર પણ “મન કી બાત” કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્ર પરથી “મન કી બાત” કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

----------

## EVE. RAJNATH NCC

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે વિશ્વ અનિશ્ચિતતાના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે યુવાનોએ શારીરિક, માનસિક રીતે મજબૂત રહી દરેક પડકારનો સામનો કરવા માટે તૈયાર રહેવું જોઈએ.

નવી દિલ્હીમાં NCC પ્રજાસત્તાક દિવસ શિબિરમાં, શ્રી સિંહે યુવાનોને ઓપરેશન સિંદૂર દરમિયાન દેશભરમાં આયોજિત મોક ડ્રીલ દરમિયાન જનજાગૃતિ ફેલાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનારા બહાદુર અને સમર્પિત NCC કેડેટ્સમાંથી પ્રેરણા લેવા અપીલ કરી.

(બાઇટ- રાજનાથ સિંહ)

શ્રી સિંહે તેમને દેશની બીજી સંરક્ષણ હરોળ તરીકે વર્ણવ્યા. શ્રી સિંહે કહ્યું કે ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરીને પહેલગામ આતંકવાદી હુમલાનો યોગ્ય જવાબ આપ્યો. તેમણે કહ્યું કે ભારતીય સૈનિકોએ હિંમત અને

સંયમ સાથે કામ કર્યું. શ્રી સિંહે NCC ને યુવાનો માટે કૌશલ્ય વિકાસ માટે એક ઉત્તમ માધ્યમ ગણાવ્યું.

'પદવીદાન સમારોહ' દરમિયાન, શ્રી સિંહે કેડેટ્સને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન અને સમર્પણ માટે સંરક્ષણ મંત્રી ચંદ્રક અને પ્રશંસા પ્રમાણપત્રો અર્પણ કર્યા. આ વર્ષે સંરક્ષણ મંત્રી ચંદ્રક જમ્મુ કાશ્મીર અને લદ્દાખ ડિરેક્ટોરેટના કેડેટ અર્પુન દીપ કૌર અને પશ્ચિમ બંગાળ અને સિક્કિમ ડિરેક્ટોરેટના કેડેટ પાલડેન લેપ્ચાને એનાયત કરવામાં આવ્યા હતા.

----------

# EU URSULA

યુરોપિયન સંઘના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયન આજે ભારતની તેમની સત્તાવાર મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે આ મુલાકાત ભારત-યુરોપીયન સંઘ વ્યૂહાત્મક ભાગીદારીના આગામી તબક્કાને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે વધુમાં કહ્યું કે ભારત અને યુરોપીયન સંઘ વચ્ચે પરસ્પર વિશ્વાસ અને સહિયારા મૂલ્યો પર આધારિત મજબૂત ભાગીદારી છે.

સુશ્રી ઉર્સુલા વોન ડેર લેયન પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં યુરોપિયન પરિષદના પ્રમુખ એન્ટોનિયો લુઈસ સાન્તોસ દા કોસ્ટા સાથે મુખ્ય મહેમાન બનશે. બંને નેતાઓ આ મહિનાની 27મી તારીખે યોજાનારી 16મી ભારત-યુરોપીય સંઘ શિખર સંમેલનની સહ-અધ્યક્ષતા પણ કરશે.

----------

# CRICKET-U19 WORLD CUP

ઝિમ્બાબ્વેના બુલાવાયોમાં રમાઈ રહેલી અંડર-૧૯ ક્રિકેટ વિશ્વ કપની ત્રીજી અને અંતિમ ગ્રુપ મેચમાં ન્યૂઝીલેન્ડ સામે ભારતનો વિજય થયો છે. ન્યૂઝીલેન્ડે પહેલા બેટીંગ કરતાં 36.2 ઓવરમાં 135 રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતની બેટીંગ દરમિયાન વરસાદ પડતાં મેચને 37 ઓવરની કરવામાં આવી હતી. ભારતે 13.3 ઓવરમાં 3 વિકેટ ગુમાવી 130 રન કરતાં ડકવર્થ લુઇસ પદ્ધતિ મુજબ ભારતને વિજયી જાહેર કરાયું.

ભારતના આર.એસ. અમ્બરીસને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયા.

----------